# અજ્ઞાત કર્તૃક "શ્રી ગિરનાર ચૈત્ય પરિપાટી રાસ"

## સં. વિધાત્રી વોરા

ગિરનારતીર્થની યાત્રાના પ્રસંગવર્ણનનું વિ.સં. ૧૬મી સદીમાં લખાયેલી પ્રતિનું જ આ પણ કાવ્ય છે. એટલે વિષય, વર્ણન સામગ્રી અને વર્ણનપદ્ધતિમાં સ્વાભાવિક રીતે જ સામ્ય અનુભવાય છે. છતાં પાટણની શ્રી સંઘ જૈન ભંડારની અને અમદાવાદની લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરસ્થ પુણ્યવિજયજી ભંડારની અનુક્રમે નં. ૩૧૩૨ અને ૮૬૦૧ની 'ગિરનાર ચૈત્ય પરિપાટી'ની સાથે સાથે આ કાવ્ય વાંચતાં અને કથાવસ્તુ મેળવતાં પ્રસ્તુત કર્તાની ઐતિહાસિક વિગતો નોંધવાની સૂઝ અને સાહિત્યિક અભિરુચિ વિશેષ વરતાય છે. કારણ કે જે કડીમાં નોંધપાત્રસ્થાન આવતું હોય એની ઐતિહાસિક ભૂમિકાનો નિર્દેશ કરવો કવિ ચૂકતા નથી.

કથાવસ્તુ :–કવિ 'ઉપરકોટ'થી યાત્રારંભ કરે છે. જેમાં 'તેજલપુર પાર્શ્વનાથ (તેજપાલકારિત)', 'શત્રુંજયાવતાર – આદીશ્વર', હમીરને જીત્યાના ઉલ્લેખ સાથે 'સત્યપુરમંડન મહાવીર'–ને પૂજન અર્ચન કરી, જૂનાગઢની બજારમાં ફરી, તળેટીમાં આવતાં, ધોરીમાર્ગે જમણે હાથે આવેલા નેમિનાથના મંદિરની નોંધ લે છે. 'સોવ(ન) રેખ (સુવર્ણરેખા–સોનરેખ)', નદી (કડી ૬); 'દામોદરકુંડ' તેમજ 'કાળમેઘ – ક્ષેત્રપાલના મંદિરે (કડી ૭.) થઈને સુંદર વનરાજી પસાર કરી, 'અજીયડ મહેતા (અભયડ દંડનાયક ના પુત્ર 'બાહડમંત્રિએ કરાવેલી 'પાજ' સુધી (કડી ૯) કવિ આવી પહોંચ્યા – ૧૦મી કડીમાં બાહડ દે ને ફરીથી ધન્યવાદ આપે છે કે પાજ બંધાવ્યાથી રસ્તો સુગમ બન્યો. કડી ૧૧–૧૨માં રમણીય ઝાડી અને છાંયડીનો સુખદ અનુભવ કવિહૃદયને સ્પર્શ્યો અને ૧૩મી કડીથી કવિએ જાણે પાછો વાસ્તવિકતામાં પ્રવેશ કર્યો, ગિરનાર ઉપરનું 'કોટ'નું વર્ણન શરૂ કર્યું.

કોટમાંના નેમિમંદિરો, 'ગજપદ કુંડ'ના જળથી પ્રભુને નવરાવી, આંગિ રચી, વસ્તુપાળે બંધાવેલા 'કલ્યાણત્રય (નેમિ) મંદિરે' કવિ જાય છે. 'ચંદ્રગુફામાં ચંદ્રપ્રભુની ચંદનથી પૂજા કરી, નાગઝરા–મોરઝરાની મુલાકાત લઈ, 'શત્રુંજયાવતાર' મંદિરોમાં પૂજા કરે છે. રાજીમતી – રથનેમિના મંદિરે જઈ, ત્યાંથી 'અંબાજી' જતાં એની સાથે સંકાળાયેલી અનુશ્રુતિ નોંધે છે. ત્યારબાદ 'સહસારામ (શેષાવન–સહસ્રારામ)' થઈને 'અવલોણા (અવલોકન–ગુરુદત્તાત્રય) શિખરે તેમજ 'સાંબ (શામ્બ–ગોરખનાથ) 'અને' પજૂન (પ્રદ્યુમ્ન–ઓઘડનાથ)ની ટૂંક જાય છે. 'સિદ્ધિવિનાયક'ની સિદ્ધિની સ્તવના કરી, રત્નશ્રાવકે બનાવરાવેલા 'કનકમંડપ'માં (કાંચન બાળાણક)માં ચાર પ્રતિમાઓને વંદન કરે છે. પાછા નેમિમંદિર (કોટ) જઈ ચૈત્ય પરિક્રમા પૂરી કરે છે.

કવિએ આ કાવ્ય 'રાસ' પ્રકારનું બનાવ્યું છે 'હરખિઈ રાસ રમેસિઉં'–કડી ૨૭. કુલ૩૬ કડીનું કાવ્ય છે. કવિહૃદય પ્રકૃતિ સૌંદર્યથી ભાવુક બની જતું લગભગ દરેક કડીમાં અનુભવાય છે, છતાં કડી ૭, ૮, ૧૨, ૧૨, ૧૩, ૧૫, ૨૫ એ માટે નમૂના છે.

કાવ્યનો સમય નોંધતાં કવિ—૬૧મા વર્ષે આસોવદ અમાસનો દિવસ નોંધે છે. સાલ આપી નથી. પ્રતિ વિ.સં. ૧૬મા સૈકાની લખેલી માનવામાં આવે છે. એટલે મોડામાં મોડો વિ.સં.૧૫૬૧/ ઇ.સ. ૧૫૦૫નું વર્ષ રચનાસમય-માટે અંદાજે મૂકી શકાય. લા.દ.ભા.સં. વિદ્યામંદિરમાં નં.૩૨૧૧ ની, ૨૬×૧૧.૧ સે.મિ. પરિમાણની પ્રતિના ૫થી ૬માં આ રચના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ગિરનાર ચૈત્યપરિપાટી રાસ

સવિહુ તઈ સરજ્યા, વિવહુપુરા જૂનઇ ગઢિ દઈત,
સેહુ ઉઠીનઈ પણમીઈ પણમીઈ એ, તેજલપુરિ પહુ પાસ-૧

આદિઈ વંદઉ આદિ જિણુ, નાભિનરેસર જાઉ,
સિરે સેત્તુંજય અવતારિઉં સવિહુ તીરથરાઉ-૨

પૂજ કરીઉં પ્રભ આરતીય, વંદિસુ વીરો,
સાચઉરા સિરમંડણુઉએ, જિણુ જીતઉ હમીરો-૩

જૂનઇગઢિ જે હાટ હાંડલાં, દિસઇ અતિ ભલિ ઉલિ
ગિરુયા વંદિણિ ચાલી અઈએ, ગઢગિરનારહ પોલે-૪

ધુરહિય મારગિ ચાલતાં એ, મનિ ધરી બડભાઉ
જિમણઇ પાસઇ દેહરીઉ, તિહિ વસેદ વહ જાઉ-૫

નિરમલ નીર નિહાલીય, દીજઇ ગંગઉ વેખ
ગિરુયા પરવત ઊતરઈ એ, નદીય જ સોવરેખ-૬

આરામઈ રમિ વલતાં એ, હીયડઈ હરખ જ વેગો
કુંડઈ કંચઇ દેહરીય, તિહાં છઈ કાલોમોધા(કાલમેઘો)-૭

અંબા-રાયણુ-અંબલીયા, ફલીઆં ફલ અણેરી
જિમણઈ ઈક જે દેહરીય, તિહિં છઈ સિધિય કણેરી-૮

પાજઇ પરબઈ આવીઆ એ, હીયડઈ નિશ્ચલ ભાઉ
બાહડ દેવિહિં વરણીઈ એ, અજીયડ મહંતા જાઉ-૯

ઊંચા ઊંચા હુકડલાં દીસઇ વિસમો ઘાટ
બાહુડદેવિ કરાવિઈ એ, સુખઈ સુહેલી વાટ-૧૦

ગિરુયા પરબત આવીયા એ, ધન ધન ચલણુ જ ગાઢાં
સીતલ છાંહ સોહાવણી ય, પવન લહુકઈ તાઢાં-૧૧

હીયઉ કઉં હરખિઈ ઉલ્હસિઉ, પહુતાં પોલી બારો
ડાબા-જિમણઇ બિંબ સવે, મન સુધિઈ જુહારે-૧૨

ગિરુયા ગિરિવરિ ગિરિ સિહરે, વંદિસુ નેમિ કુમારો
સહજ સલૂણુઉ સામલઉ, અન ગલિ મોતીહારો-૧૩

ગંગાનીર સુગઇદમઈ એ, તેણુ પખાલિસુ અંગો
ભરિઅ કલસ સોવંનમઈ એ, નમસિઉ નેમિજિણિંદો-૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલી આણીન ફૂલ તઉં, સુગંધા સુવિસાલ
અંગોઅંગિ રોપિઇ એ, તઉ ગલિ ઘાલિસુ માલ-૧૫
બાહુાં સોહુઇ બહુરખા એ, કાને કુંડલ બેઉં
માથઇ મઉડ સોવનમઇ એ, હીરા ઝલકઇ દેહા-૧૬
પાંચે વરણે પૂજ કીઅ, કરિ બીજઉરઉ છાજઇ
જિણહ ઊતારિ સ આરતી અ, પંચ સબદ તીહં વાજઇ-૧૭
કલ્યાણત્રય કમલ જિમ, ઇસિઉ જિ રચિઉ ઠાંમ
વસ્તિગ મંત્રિહિં કારવિઉં, જાણે ઇંદ્રવિમાણ-૧૮
ચંદ્રગુફા તિહિં ચંદ્રપ્રભો, ચંદણિ ચરચેસુ અંગો
નીકે કુસુમે પૂજ કીઅ, તઉ પ્રામિસુ અંગ-૧૯
નાગઝરે તિહિ મોરઝરે હીરાઇ કુંડ વિસાલ,
જલ નિમ્મલ તિહિં સીયલાં, આણે અમીઅ પયાલ-૨૫
દેઉલ ખા(પા)ખલિ દેહરીય. બિંબ ન લાભઇ પારો
જગતિ જુહારીય સયલ હિવ, સેત્તુંજય અવતારો-૨૧
રાણી વંદિસ રાયમઇ એ, નેમિજિણેસર નારો
ગિરુઆ પહિલી તિહંગઇય, સુકકીય કેરઇ બારો-૨૨
રહનેમિ સામી પૂજસિઉં, બંધવ કેરઉ નેમિ
મયણ મલ્લિ ધૂતારિઉં, મગતિ પહૂતઉ ખેમિ-૨૩
અંબિકદેવી વરણીય એ, સોમભટ્ટ ઘરનારે
એક રખીસર પારણઇએ, સામિણિ હૂઇ ગિરનારે-૨૪
ગિરુઆ પરબત સિહર વિષિઇ, તીહ ન લાભઇ પારો
સહસારામે સહસ તિમ કાઇલડી ઝમકારો-૨૫
ભમરાણ રણઝણ કરઇ એ, મોર મધુરી ભાષા
દીસઇ વણસઇ મોરિઉં એ, મોરિઉ રામ સલાખા-૨૬
સિહરિ અવલોણા આવીયા એ, સાંબપજૂને જાસિઉં,
ત્રિણિ ત્રિણિ પૂજિસુ બિંબ તિહિ, હરખિઇ રાસ રમેસિઉં-૨૭
સિયિધ વિણાયગ સિદ્ધ ફલો, દુલહિ તેહની વાટ
નવિ દીસઇ તે દેહરીય, દીમઇ વિસમા ઘાટ-૨૮
અંતરિ અછઇ ભુહિરઉ એ, વંદિસુ પ્રતિમા ચ્યારિ
રતનઇ શ્રાવકી આણીયા, કણયમંડપ જુહારે-૨૯
ગિરુઆ ગિરુઅડિ તુમૂ તણીય, તીહં ન લાભઇ પારો
નેમિજિણેસર ઉલગઉં ઇસિઉં જિ નામ વિલગ્ગઉં-૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉગઇ માહે હીડવઉ એ, ભમી ભમી ભવ ભાગિઉં
જીવદયાલૂ દયકરણા, નિરયાગતિ નવારઉ-૩૧
પાંચઉ વીનવઇ પસાઉ કરી, પંચમ ગતિ દિવારઉ-૩૨
મૂરખિ કીધી વીનતીય, ગિરૂઆ તઉં અવધારે
બુદ્ધિ વિહૂણુંઇ બાપડલઈ, કીધી આપ વિચારે-૩૩
મેરહ સરિસવ કિમ સમઉએ, દિવાયર કિહાં દીવઉ
કવિઅણ માહે કાબૂઅડઉ તિણિ લેખઇ ગણેવઉ-૩૪
સંવત સંવચ્છરએ એકસઠા ધુરિ વર્ષે
આસૂવદિ અમાવસઈએ, તવન કીઉં મઇ હરષેં
હરખ સલૂણી વીનતીય, હીયડામાહિ સંભારે
મન સૂધઇ જે નીત ગુણઇ, જાત્ર ફલઉ ગિરનારે-૩૫
ભગતિ ભણી મઇ ગાઇઈ એ, મગતિ કરઉ જગદીસ
ગુણ ગાસુ ગિરૂયા તણા એ, ગાઈ ગાહ છત્રીસ-૩૬

**ઇતિ શ્રીગિરનારિ ચૈત્યપરિપાટી સમાપ્ત : તોલ્હયોગ્યં**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org